# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો ચાર દિવસીય તાલીમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલીમ તા. ૨૦/૦૬/૨૦૨૩ થી ૨૩/૦૬/૨૦૨૩ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં વાડીલાલ ઇન્ડસ્ટ્રીસ લિમિટેડ, પુંધરા તરફથી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અલગ અલગ ગામોના કુલ ૨૭ ખેડૂતોએ ભાગ લીધેલ. આ તાલીમ કાર્યક્રમમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબિયાના પાકો, બાગાયતી પાકો, ઘાસચારાનાં પાકોને નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે ઊંડાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવો જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી આવક કઈ રીતે વધારી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે પણ તાલીમ આપવામાં આવેલ અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

આ ઉપરાંત ખેડૂત ભાઈઓએ મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવી હતી.

ખેડૂતોએ પણ તેઓના પ્રતિભાવમાં તાલીમ વિશે જણાવેલ કે આ તાલીમ તેઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે કારણકે અત્યાર સુધી તેઓ જીવાત અને રોગ અંગે આટલી બધી સમજ ધરાવતા ન હતા. તેમજ આવી અમોએ મેળવેલ માહિતી અન્ય ખેડૂતો સુધી પણ પહોંચાડીશુ. તેઓએ આવી તાલીમ રાખવા બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીનો આભાર પણ માન્યો હતો અને તાલીમ જાણવા લાયક અને સંતોષકારક રહી તેમ જણાવ્યુ હતું.

આ તાલીમ કાર્યક્રમના અંતે ડૉ. એ. ડી. પટેલ, સંયોજક વાડીલાલ ઇન્ડસ્ટ્રીસ લિમિટેડ, પુંધરા, ગાંધીનગરએ તાલીમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના વડા, ડૉ. ડી. બી. સિસોદીયાએ તાલીમ દરમ્યાન મેળવેલ માહિતીનો ઉપયોગ ખેતીમાં કરી તેનો લાભ મેળવવા જણાવ્યું હતું. તેમજ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પોતાના બાળકોને પ્રવેશ મેળવવા માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. આર. એલ. કલસારીયા, ડૉ. એચ. સી. પટેલ અને મિનાક્ષી લુણાગરીયા પણ હાજર રહ્યા હતા.


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ

સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ
AAU
આયોજક
કીટકશાસ્ત્ર વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ



સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ
આયોજક
કીટકશાસ્ત્ર વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય

સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ

સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ

સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


तुलसी
BIO - PESTICIDES
xperiential Learning
ELP 8.5 : Commercial Be
Department of Agril. Ento
B. A. College of Agricul
Anand Agricultural Univ
Anand (Gujarat)